ક્રમાંક–૨૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**ગુરુવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૨૩મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૬ અને ૧૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ–૫, ૮, ૧૩ અને ૧૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૮થી ૧૦૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **શહીદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ**

આજરોજ તા. ૨૩મી માર્ચના રોજ શહીદ દિન નિમિત્તે સભ્યશ્રી હેમંતભાઇ આહીરે શહીદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરુના બલિદાનોને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પી. ત્યારબાદ સભ્યશ્રીઓ શ્રીમતી મનિષાબેન વકીલ, શ્રી ઉદય કાનગડ, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી. માનનીય અધ્યક્ષશ્રીએ પણ સમગ્ર સભાગૃહ વતી શહીદ દિન નિમિત્તે શહીદોને અંજલિ આપી.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૬ તથા ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૭ રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી અને માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, ૪ અને ૮, માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૨૦, ૨૩, ૨૫ અને ૨૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) શ્રી મહેશ કસવાલા
(૩) શ્રી અરૂણસિંહ રણા
(૪) શ્રીમતી રીટાબેન પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય સહકાર મંત્રીશ્રી તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા પ્રભારી મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આપવાનો શરૂ કર્યો.(પ્રવચન અધૂરું )

૪. **સભાગૃહનો વિરામનો સમય ટૂંકાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે વિરામ બાદ બિન–સરકારી સંકલ્પ હાથ ઉપર લેવાના હોવાથી માનનીય મંત્રીશ્રીના માગણી પરની ચર્ચાનો જવાબ અને તેના પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય ટૂંકાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહનો વિરામનો સમય ટૂંકાવ્યો.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય સહકાર મંત્રીશ્રી તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા પ્રભારી મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨, ૪, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૨૦, ૨૩, ૨૫ અને ૨૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૫, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**વિરામ બપોરના ૨–૪૦થી ૩–૦૦**

૬. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

(૧) **માનનીય સભ્યશ્રી જયસુખભાઇ કાકડિયાનો સંકલ્પ**

સભ્યશ્રી જયસુખભાઇ કાકડિયાએ "ભારતે સૌ પ્રથમવાર ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી G-20 સંગઠનનું પ્રમુખપદ સંભાળેલ હોઇ, આપણું ગુજરાત રાજ્ય વિવિધ સ્તરો અને સ્થળોએ કુલ–૧૬ બેઠકોની યજમાની કરી રહ્યું છે અને વિવિધ ક્ષેત્રોમાં રોકાણની સંભાવનાને મુલાકાતી પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કરવામાં આવી રહી છે. જેથી આ આયોજન થકી G20 સંગઠનના સભ્ય દેશો દ્વારા આપણા રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ મોટા પ્રમાણમાં મૂડી રોકાણ થાય તેમજ રાજ્યના પ્રવાસન ક્ષેત્રને વેગ મળે તેવી આશા ઊભી થઇ છે, જે વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તે માટેનાં પગલાં લેવાં" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જગદીશ મકવાણા(નાયબ મુખ્ય દંડકશ્રી)
(૨) શ્રી અનિરુદ્ધ દવે
(૩) શ્રી યોગેશ આર.પટેલ
(૪) શ્રી રમેશભાઇ ટીલાળા
(૫) ડો.સી.જે. ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

(૨) **માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલાનો સંકલ્પ**

માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલાએ "માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૯મી જુલાઇ, ૨૦૨૦ના રોજ રાષ્ટ્ર સમક્ષ એક આગવી શિક્ષણ નીતિ અમલમાં મૂકી, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ના રૂપે અમલમાં આવેલ આ નીતિ એકવીસમી સદીની પહેલી શિક્ષણ નીતિ છે, જેને ગુજરાત રાજ્ય દ્વારા પ્રસ્તુત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને સંપૂર્ણપણે સ્વીકારવામાં આવી છે અને તેમાં જણાવવામાં આવેલ વિવિધ ભલામણોના સંપૂર્ણ અને અસરકારક અમલીકરણ માટે જરૂરી હોય તે તમામ પગલાં લેવાં" પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનસિંહ ચૌહાણ
(૨) શ્રી અમુલ ભટ્ટ
(૩) શ્રી ભરતભાઇ પટેલ
(૪) ડો.મહેન્દ્રભાઇ પાડલિયા
(૫) શ્રી કમલેશભાઇ પટેલ
(૬) ડો.સી.જે. ચાવડા( કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૭) શ્રી ઉમેશભાઇ મકવાણા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરે આપવાનો શરૂ કર્યો.( પ્રવચન અધૂરું)

૭. **સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવવા અંગે**

શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોર પ્રસ્તાવનો જવાબ આપી રહ્યા હતા તે દરમ્યાન મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે મંત્રીશ્રીનો સંકલ્પ પરનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડક ડો.સી.જે. ચાવડાએ સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવ્યો.

૮. **માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલાનો સંકલ્પ ( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરે પૂર્ણ કર્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૯. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**શિક્ષણ બોર્ડ, પરિષદ, યુનિવર્સિટીની સેનેટ, કોર્ટ ઉપર તેમજ સમિતિઓની ખાલી પડેલ બેઠકોની ચૂંટણી માટેના સુધારેલ કાર્યક્રમ અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર બે, ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર ત્રણ, ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ ઉપર ત્રણ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત

યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટે અને અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટેના સુધારેલા કાર્યક્રમની જાહેરાત કરી.

**સભાગૃહ, શુક્રવાર તા.૨૪મી, માર્ચ ૨૦૨૩ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૧૦ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા